# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સુરત અને દમણની મુલાકાત લેશે.**
2. **પ્રધાનમંત્રી આજે સુરતમાં અઢાર હજાર આઠસો કરોડ રૂપિયા અને દમણમાં બે હજાર 970 કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરશે.**
3. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે અમદાવાદમાં પહેલી વિશ્વ યોગાસન સ્પર્ધાનો આરંભ કરાવ્યો.**
4. **આજે પાંચમી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ - રાજ્યભરમાં આજે વિવિધ કાર્યક્રમો સાથે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાશે.**
5. **રાજ્યમાં ચાલી રહેલા ઓપરેશન મ્યુલ હન્ટ 2.2 અંતર્ગત પોલીસે સાયબર છેતરપિંડી કેસમાં 182 આરોપીઓની ધરપકડ કરી.**
6. **હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદની આગાહી વ્યક્ત કરી.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PM – VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સુરતની મુલાકાતે છે અને રોડ, વીજળી અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં અઢાર હજાર આઠસો કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરશે. પ્રધાનમંત્રી સૌપ્રથમ હજીરાની મુલાકાત લેશે અને બપોરે એક વિશાળ જાહેર સભાને સંબોધતા પહેલા નિર્માણધીન ઔદ્યોગિક અને માળખાગત સુવિધાઓની સમીક્ષા કરશે. બાદમાં, સાંજે પ્રધાનમંત્રી દમણની મુલાકાત લેશે જ્યાં તેઓ દમણમાં લગભગ બે હજાર 970 કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. સુરત જિલ્લાના અમારા પ્રતિનિધિ લોપા દરબારનો અહેવાલ સાંભળીએ..

**(BYTE: LOPA DARBAR)**

# WORLD YOGASAN PRARAMBH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગઇકાલે પાંચ દિવસની પહેલી વિશ્વ યોગાસન રમતગમત સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો.

**(BYTE: CM BHUPENDRA PATEL)**

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં પહેલી વિશ્વ યોગાસન રમતગમત સ્પર્ધાને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધન કર્યું હતું.

# GOVERNOR – YOUTH ASSOCIATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે કોઈપણ રાષ્ટ્રનું નિર્માણ માત્ર ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે ઉદ્યોગોથી નથી થતું પરંતુ તે દેશના વીર નાગરિકો અને યુવા પેઢીના વિચારોથી થાય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે યુવા પેઢી સંસ્કારયુક્ત વિચારધારા અને કર્તવ્યનિષ્ઠા સાથે જોડાય છે, ત્યારે કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરવું શક્ય બને છે.

એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને સાકાર કરતા કેન્દ્ર સરકારના 'યુવા સંગમ તબક્કા-૬' કાર્યક્રમના 57 યુવા સભ્યોના પ્રતિનિધિમંડળે રાજ્યપાલ સાથે લોકભવન ખાતે મુલાકાત કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલે યુવાનોને રાષ્ટ્રનિર્માણ અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યો વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

આઈ.આઈ.એમ. અમદાવાદના મુખ્ય વહીવટી અધિકારી નિવૃત કર્નલ ડૉ.જગદીશ જોશીએ 'યુવા સંગમ-૬'ની રૂપરેખા આપતા જણાવ્યું કે, આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગુજરાત અને ઓડિશાના યુવાનો વચ્ચે સાંસ્કૃતિક, શૈક્ષણિક અને ટેકનોલોજીના આદાન-પ્રદાન દ્વારા રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવાનો છે.

# ON WORLD ENVIRONMENT DAY

આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી દેશ ભરમાં કરવામાં આવશે. એક પેડ મા કે નામ–3.0 અંતર્ગત અન્ન, નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને ખેડા જિલ્લાન માતર તાલુકાના આંત્રોલી ગામે જિલ્લાકક્ષાનો  વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.

અમદાવાદ સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ધોલેરા સ્માર્ટ સિટીના આયોજનબદ્ધ વિકાસની સાથે ધોલેરાના ખારાપાટમાં 'ડ્રમ પ્લાન્ટેશન'ના નવતર પ્રયોગની સફળતા બાદ હવે વધુ **20** હેક્ટરમાં 50 હજાર રોપાઓ વાવવાનું આયોજન કરાયું છે.

કોસ્ટલ ગ્રેડિયન્ટ મોડેલને સાકાર કરવા ત્રણ સ્તરીય જૈવિક સંરક્ષણ: 1.19 કરોડ છોડનું મહા-અભિયાન હાથ ધરાયું છે.

પ્રધાન મંત્રીના સુરત ખાતે યોજાનાર કાર્યક્રમ 100% સસ્ટેનેબલ અને ઇકો-ફ્રેન્ડલી બની રહે, એવા પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે. કાર્યક્રમ સ્થળ પર આદિવાસી કારીગરો દ્વારા વાંસ માંથી બનાવેલા આકર્ષક ઇન્સ્ટોલેશન, કચરામાંથી બનાવેલા શિલ્પો અને ઇકો-ફ્રેન્ડલી રંગોળીઓ રજૂ કરવામાં આવનાર છે.

રાજકોટ જિલ્લામાં આજથી 'એક પેડ માઁ કે નામ ૩.૦'નો પ્રારંભ, **17** દિવસમાં **27** હજાર વૃક્ષારોપણ, **75** હજારથી વધુ રોપાનું વિતરણ કરાશે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.................................

ડેસ્ક

# DD GIRNAR ENVIRONMENT SPECIAL

એક અગત્યની જાહેરાત વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દૂરદર્શન અને આકાશવાણી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આજે રાત્રે 9 વાગ્યે ડીડી ગિરનાર ચેનલ પર 21 મિનિટનો વિશેષ કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવશે. તો સાંભળવાનું ચૂકશો નહીં.

# MULE HUNT

રાજ્યમાં ચાલી રહેલા ઓપરેશન મ્યુલ હન્ટ 2.2 અંતર્ગત પોલીસે સાયબર છેતરપિંડી કેસમાં 182 આરોપીઓની ધરપકડ કરી છે. આ અંગે પોલીસ અધિક્ષક રાજદીપ સિંહ ઝાલાએ વધુ વિગતો આપી.

(BYTE – RAJDEEP SINGH JHALA)

# CENSUS 2027

અરવલ્લી જિલ્લામાં વસ્તી ગણતરી 2027 નો પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં રહેણાંક મકાનો અને કોમર્શિયલ એકમોની ગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કર્મચારીઓ ની નિયુક્ત કરવામાં આવી છે. જેમાં બ્લોક બનાવીને એક સુપરવાઇઝર દ્વારા તેનું મોનિટરિંગ પણ કરવામાં આવે છે.

આ વર્ષે ડિજિટલી વસ્તી ગણતરી કરવામાં આવે છે, જેથી સમયની બચત, ચોક્કસ માહિતી એકત્રિત થઈ શકશે. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી વસ્તી ગણતરીની પ્રક્રિયાની કામગીરીને ઝડપી બનાવવા માટે પણ ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિરીક્ષણ પણ થઈ રહ્યું છે.

# MINERAL THEFT

ચોટીલાના પવિત્ર યાત્રાધામ ચોટીલા ડુંગરની પાછળ ના ભાગે આવેલ દુધેલી ગામમાં સરકારી જમીન માંથી ગેરકાયદેસર મોરમનું ગેરકાયદે ખનન અને વહન કરતા એક હિટાચી મશીન એક ડમ્પર અને 20 મેટ્રિક ટન મોરમ સહિત 90 લાખ 10 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

નાયબ કલેકટર એચ ટી મકવાણા એ ફરી એકવાર ખનીજ ચોરી ઝડપી પાડી છે. જેથી ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# WEATHER

હવામાન વિભાગે આજે અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ વચ્ચે આજે અને આવતીકાલે શહેરમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સિસ્ટમ સક્રિય હોવાથી હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. દક્ષિણથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાવાની શક્યતા છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદની આગાહી વ્યક્ત કરી છે. ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાઈ શકે છે તેમજ કેટલાક વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ નોંધાઈ શકે છે. હવામાન વિભાગના વડા એ કે દાસે વધુ વિગતો આપી.

**(BYTE – A.K. DAS)**

# TAPI – KISAN SAMMAN NIDHI

તાપી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો ૪૪ હજારથી વધુ ખેડૂતોએ લાભ લીધો છે ખેડૂતોને આ યોજના થકી ખેતી માટે વિવિધ લાભ મળતા ખેડૂતો ચિંતામુક્ત બન્યા છે અને સરકારનો આભાર માની રહ્યા છે. ખેતીવાડી અધિકારી ચેતન ગરાસિયા જણાવ્યું કે આ ખેડૂત કુટુંબોને **52.80** કરોડથી વધુ સહાયની રકમ સરકારે ચૂકવી છે આ અંગે લાભાર્થી નટુભાઇ ગામીતે પોતાનો પ્રતિભાવ આપ્યો.

**(BYTE – NATUBHAI GAMIT)**